સે-૨૮ના બગીચામાં સહેલાણીનો મોબાઈલ લુંટીને ગઠીયો ફરાર

@ગાંધીનગર

● નગરમાં વસતા ઉત્તર ભારતીય પરિવારો દ્વારા છઠ્ઠ પુજા કરવામાં આવશે જેમાં છઠ્ઠી મૈયાની વિધિસર પુજા કરાશે.

- નજાહખાનમ સૈયદ

જલારામ ધામ ખાતે બાપાની ૨૧૬મી જન્મજયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૬

સેકટર-૨૯ સ્થિત જલારામ ધામ ખાતે તા. ૧૮ નવેમ્બરના રોજ સવારે ૬.૩૦ કલાકે જલારામ બાપાની ૨૧૬મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવશે. જેમાં અખંડ ધૂન, શોભાયાત્રા, પૂજનવિધિ, અન્નકૂટ દર્શન, મહાઆરતી, સંકીર્તન, શુભેચ્છા પ્રદાન, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમ યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં નગરના તમામ ભાવિક ભકતોને ઉપસ્થિત રહેવા જલારામ સેવા સમાજના પ્રમુખ જીતેન્દ્રકુમાર સેજાણી, ઉપપ્રમુખ અરવિંદભાઈ ઠક્કર, મંત્રી સેવંતીલાલ ઠક્કરે જણાવ્યું છે.

શિશુ વિહાર સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓની હિમોગ્લોબિન તપાસ કરાઈ

ગાંધીનગર, તા.૧૬

શિશુ વિહાર સંસ્થા દ્વારા એકસેલ ક્રોપ કેર ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી ભાવનગરની મહાનગરપાલિકા સંચાલિત ૩૫ પ્રાથમિક શાળાઓમાં હિમોગ્લોબિન તપાસની શિબિર યોજાઈ હતી. જેમાં ધો-૭ અને ૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. શિબિર દરમિયાન ૮ ટકાથી ઓછું હિમોગ્લોબીન ધરાવતા ૪૫૧ બાળકોને ફોલિક એસિડ અને આર્યનની ૧૩,૫૩૦ ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

એકસેલ ક્રોપ કેરના હ્યુમન રીસર્ચ વિભાગના માર્ગદર્શન હેઠળ શિશુ વિહાર સંસ્થાના કાર્યકર નીતાબેન ત્રિવેદી, નિરંજનભાઈ રાવળ તેમજ રાજુભાઈ મકવાણાની ટીમનો પ્રયત્ન સરાહનીય હતો.

ગાયત્રી પરિવાર દ્વારા ચોપડા પૂજન કરાયું

ગાંધીનગર, તા.૧૬

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગત ૧૧ નવેમ્બરના રોજ દિવાળીના મહાપર્વ નિમિત્તે સાંજે ૪.૩૦થી ૫.૩૦ કલાક દરમિયાન શકિતપીઠ, સે-૧ ખાતે લક્ષ્મીપૂજન અને ચોપડાપૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સાંજે ૬.૩૦ કલાકે સામુહિક દીપ પ્રગટાવવામાં આવ્યા હતા તે સાથે દિપકનો પ્રકાશ સર્વના અંતઃકરણને પ્રકાશિત બનાવે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. કાર્યક્રમમાં નગરના ધર્મપ્રેમી ભાવિક ભકતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા તથા સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

સિવિલના ડાયાલિસીસ સેન્ટર માટે વિદેશી દર્દીઓ ઉત્સુક

ગાંધીનગર તા.૧૬

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં બે માસ અગાઉ શરુ થયેલા ડાયાલિસીસ સેન્ટરમાં અત્યાર સુધીમાં ૬૭૨ ડાયાલિસીસ કરવામાં આવ્યા છે. આ સેન્ટરમાં ગાંધીનગર જિલ્લા તેમજ અન્ય રાજયના દર્દીઓ મળી કુલ ૪૭ દર્દીઓ ડાયાલિસીસ કરાવે છે. પ્રાઈવેટ હોસ્પિટલમાં હજ્જારો રુપીયા ચુકવીને કિડનીના રોગથી પિડાતા દર્દીઓ ડાયાલિસીસ કરાવે છે. જેની સામે શહેરની હોસ્પિટલમાં માત્ર નજીવા ચાર્જમાં અધ્યતન સુવિધા સાથે હાઈટેક ટેકનોલોજીથી થતુ ડાયાલિસીસ દર્દીઓ માટે લાભદાયક સાબિત થયું છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નિર્માણ પામેલ અધ્યતન બિલ્ડીંગમાં ત્રીજા માળે ટેકનોલોજીથી સજ્જ ડાયાલિસીસ સેન્ટરનું ઉદ્ઘાટન રાજયના આરોગ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સેન્ટરમાં દર્દીઓને તકલીફ ના પડે તે માટે રીમોટ કંટ્રોલ સંચાલીત પથારી તેમજ ડાયાલિસીસના સમય દરમિયાન દર્દીના મનોરંજન માટે એલ.ઈ.ડી. ટીવી અને ઈઅર ફોન સહિતની સુવિધા તંત્ર દ્વારા આપવામાં આવી છે. ખાનગી હોસ્પિટલના ડાયાલિસીસ સેન્ટર કરતા વધુ સુવિધા મળતા દર્દીઓનો ઝોંક આ સેન્ટર તરફ વધ્યો છે. ગાંધીનગર શહેર તેમજ જિલ્લાના દર્દીઓની સાથે પડોશી રાજય રાજસ્થાનના ડુંગરપુર, ઉદેપુર થી દર્દીઓ ડાયાલિસીસ કરાવવા આવે છે. કિડની ફેઈલ થવાથી દર્દીના શરીરમાં લોહીનું શુધ્ધીકરણ તેમજ લોહી નવુંબનવાની પ્રક્રિયા બંધ થઈ જાય છે. દર્દીના શરીરમાં પાણીનો ભરાવો થતાં સોજા આવે છે. ત્યારે આવી પરિસ્થિતમાં કિડનીના રોગથી પિડાતા દર્દી માટે ડાયાલિસીસ ફરજીઆત થઈ જાય છે. આવા સંજોગોમાં શહેરમાં ડાયાલિસીસ સેન્ટર કાર્યરત થતાં જીલ્લાના દર્દીઓ માટે લાભદાયી નીવડયુ છે. સિવિલ કેમ્પસ સ્થિત સેન્ટરમાં અત્યારે હાલના સમયે ૪૭ દર્દીઓ ડાયાલિસીસ કરાવી રહ્યા છે. જેમાં સાત દર્દીઓએ કીડની પ્રત્યાપણની તૈયારીઓ કરી લીધી છે. આગામી એક માસમાં તેઓનું ઓપરેશન અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે કરવામાં આવશે. ગત ઓકટોબર મહિનામાં સેન્ટરમાં સૌથી વધુ ૩૧૨ ડાયાલિસીસ કરવામાં આવ્યા હતા. અમદાવાદની મોંઘીદાટ ખાનગી હોસ્પિટલમાં ડાયાલિસીસ કરાવતા દર્દીઓ પણ આ સેન્ટરની સુવિધાથી પ્રભાવિત થઈ અહી આવે છે.

મનીષભાઈ કાયસ્થ
સેકટર-૨૮, ગાંધીનગર

પહેલા હું અમદાવાદ ખાતે ડાયાલિસીસ કરાવતો હતો. પરંતુ અમદાવાદ જવા આવવાનો સમય વધુ થતો હતો. શહેરની સિવિલ હોસ્પિટલમાં અધ્યતન સુવિધા થી ડાયાલિસીસ સેન્ટર શરુ થતા હું અહીંયા ડાયાલિસીસ માટે આવું છું. માત્ર નજીવા ચાર્જમાં ઘરના આંગણે આ સેન્ટરનો લાભ મળતા મને રાહત મળી છે.

જ્યોતિબેન કે. ભટ્ટ
પ્રિતિ એપાર્ટમેન્ટ , વાવોલ

આ સેન્ટરના પ્રારંભથી અન્ય દર્દીઓની સાથે મારા માટે આશિર્વાદ રુપ સાબિત થયું છે. પહેલા અમદાવાદ મારા ડાયાલિસીસ માટે મારી સાથે બે ત્રણ સગાઓ આવતા હતા.જેથી અન્યને પણ હેરાનગતિ થતી હતી. પરંતુ અહીયા હું અને મારા પતિ બંન્ને આવીને ડાયાલિસીસ કરાવીને જતા રહીએ છીએ કોઈને ખબર પણ પડતી નથી.આ સેન્ટરથી જિલ્લામાં આ બિમારીથી પિડાતા લોકો માટે લાભદાયક છે. સેન્ટરનો સ્ટાફ પણ કો ઓપરેટીવ છે.

સેન્ટરના સિનિયર ટેકનીશીયન જીજ્ઞેશ પુરોહીત સાથે વાત કરતા જણાવ્યું હતું કે અત્યારની ભાગદોડવાળી જીંદગીમાં સામાન્ય તાવ કે દુખાવો થતો હોય તો પણ અત્યારના સમયે દરેક વ્યકિત આડેધડ દવાઓ લેતા હોય છે. ડોકટરની સલાહ વગર દવા લેવી હિતાવહ નથી. દવાઓ જોખમી હોવાથી આડઅસર થતા વ્યકિતની કિડની પર અસર કરે છે. ડોકટરની સલાહ વિના દવા લેવી નહી. તેમજ કિડની અને શરીરના સ્વાસ્થય માટે રોજનું ૩ થી ૫ પાણી પીવું જોઈએ. સિવિલના અધ્યતન ડાયાલિસીસ સેન્ટરની મુલાકાત વિદેશી દર્દીઓ પણ લઈ ચુકયા છે. આગામી સમયમાં વિદેશી દર્દીઓ આ સેન્ટરમાં ડાયાલિસીસ કરાવે તો નવાઈ નહી....

બેંક મેનેજરના નામે ફ્રોડ કરતા ગઠીયાએ એક ડોકટરને છેતર્યા

ગાંધીનગર, તા.૧૬

કોઈ પણ બેંકનું નામ લઈને તેના મેનેજરની ઓળખ આપી ખાતેદારનો મોબાઈલ પર સંપર્ક કર્યા બાદ તેની એટીએમ નંબર સહિતની ડીટેઈલ મેળવી લઈ ખાતામાંથી રૂપિયા ઉપાડી લેતી ગેંગનો ત્રાસ વધતો જાય છે. અશિક્ષિત વ્યકિતઓ આવા તત્વોનો ભોગ બને તે સ્વાભાવિક છે પરંતુ ગાંધીનગરમાં સારી પોસ્ટ પર નોકરી કરતાં અને શિક્ષિત વ્યકિતઓ પણ છેતરાઈ રહ્યા છે. તાજેતરમાં ગાંધીનગરના એક ડોકટરને છેતરવામાં આવ્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

મેનેજરની ઓળખ આપીને ફોન પર એટીએમ નંબર મેળવી રૂ. ૧૭ હજાર ઉપાડી લીધા હોવાની પોલીસ ફરિયાદ

મળતી માહિતી મુજબ શહેરનાં સે-૧૯, કે-૨૦૫ ખાતે રહેતા ૫૦ વર્ષીય સોમાજી ડોકટર શહેરમાં ખાનગી પ્રેકટીસ કરે છે. ૭મી તારીખે તેમના મોબાઈલ પર એક કોલ આવ્યો હતો, 'એકસીસ બેંકમાંથી મેનેજર રાહુલ વાત કરું છું. તમારા ખાતામાં રીવર્સ પોઈન્ટ પુરા થઈ ગયા છે.' તેમ કહીને વાતોમાં ફસાવી ડોકટર પાસેથી બેંક એકાઉન્ટ તથા એટીએમ ડીટેઈલ લઈ લીધી હતી. ત્યાર બાદ ડોકટરના બેંક ખાતામાંથી રૂ. ૧૬,૯૯૦ ઉપડી ગયા હતાં. બેંક મેનેજરના નામે ફોન કરનાર ફ્રોડ શખ્સે ડોકટરના ખાતામાંથી રૂપિયા ઉપાડી છેતરપીંડી કરી લીધી હતી. ડોકટરની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને તપાસનો દૌર શરુ કર્યો છે.

લાભપાંચમના શુભ દિવસે 'પ્લગ ઈન્સ' એન્ટરટેઈનમેન્ટ સંસ્થા દ્વારા ઈન્ફોસીટી ખાતે એક જાહેર ખબર માટે મુહુર્ત શોટસ આપવામાં આવ્યો હતો. નવા વર્ષની શુભ શરૂઆતે સર્વે ટીમના કલાકારો ઉપસ્થિત રહ્યા હતાં. **(તસવીર : કશ્યપ નિમાવત)**

હવે સ્માર્ટફોન કામવાળી બાઈ શોધી આપવામાં પણ મદદરૂપ થશે

'હેલ્પમેટસ' મોબાઈલ એપ દ્વારા ઈલેકટ્રીશયન, પ્લમ્બર, મિસ્ત્રી, દરજી, સ્કૂલવાન જેવી સ્થાનિક સેવાઓ શોધી આપવામાં મદદરૂપ બનશે : પડોશીને ડીસ્ટર્બ કર્યા વગર તેમના અભિપ્રાય પણ મેળવી શકાશે : ગાંધીનગરની દિકરીએ પોતાના પતિ અને મિત્રોની મદદથી બનાવેલ એપ પાંચ શહેરોમાં કાર્યરત

ગાંધીનગર, તા.૧૬

શું તમે ગાંધીનગરમાં નવા રહેવા આવ્યા છો? શું આપને ઘરકામ કરવાવાળા બાઈ, પ્લમ્બર કે ઈલેકટ્રીશયનની જરૂર છે? કે પછી આપને સારા ગેરેજની કે ગેસ એજન્સીની તલાશ છે? ભાડે લીધેલું ઘર બદલવું છે? આપની આ તમામ સમસ્યાઓ અંગે માર્ગદર્શન આપવાનો આપના પડોશીને સમય નથી માટે તમે મુંઝવણમાં છો? તો હવે ચિંતા છોડો અને તમારા એન્ડ્રોઈડ સ્માર્ટ ફોન પર 'હેલ્પ મેટસ' નામની એપ ડાઉનલોડ કરો. તમારી બધી સમસ્યાઓનો ઉકેલ તમારા વિસ્તારના રહીશો જ આપી દેશે તે પણ તેમને જરાય ડીસ્ટર્બ કર્યા વગર જ.

જી હા, ગાંધીનગરના સે-૩૦ની દિકરી નેહા પટેલ અને તેના પતિ કુલદીપ પટેલે તેમના અન્ય બે સોફટવેર એન્જિનીયર મિત્રો સાથે મળીને એક એવી મોબાઈલ એપ બનાવી છે જેના દ્વારા એપધારક જે વિસ્તારમાં હશે ત્યાંની લોકલ તમામ સેવાઓ જેવી કે હાઉસમેઈડ, ટિફીન સર્વિસ, ટ્રાન્સપોર્ટ, રેસ્ટોરન્ટ, ઈલેકટ્રીશીયન, પ્લમ્બર, મિસ્ત્રી, દરજી, પસ્તીવાળો, સ્કૂલવાન, ગેસ એજન્સી, ટેક્ષી, ગેસ સગડી રીપેરીંગ, મોબાઈલ રીપેરીંગ, ઘર ભાડે મેળવવા સહિતની નાની મોટી તમામ સેવાઓ અંગે માહિતાગર થઈ શકશે. આ માટે પોતાના વ્યસ્ત પડોશીઓનો સમય વેડફયા વગર જ તેમના ઓપીનિયન પણ મેળવી શકશે. એટલું જ નહિ પરંતુ આ એપ દ્વારા કેબ શેરિંગ કરી પૈસા બચાવી શકશે, નાની મોટી વસ્તુની સેકન્ડહેન્ડ ખરીદ-વેચ કરી શકશે, ટ્રાફિક અંગે જાણકારી મેળવી શકશે, કાર્યક્રમો અંગે માહિતી મેળવી શકશે તથા સ્થાનિક સમાચારો પણ જાણી શકશે. હાલ આ એપ ભારતના પાંચ શહેરો અમદાવાદ જેમાં ગાંધીનગરનો પણ સમાવેશ કરાયો છે, મુંબઈ, દિલ્હી, બેંગલુરૂ અને હૈદરાબાદમાં કાર્યરત છે. છ મહિનાથી પ્રારંભ કરાયેલ આ મોબાઈલ એપને સારો પ્રતિસાદ પણ સાંપડી રહ્યો છે.



આ એપનું સર્જન સોફટવેર એન્જિનીયર્સ નેહા પટેલ અને કુલદીપ પટેલ દ્વારા તેઓ જયારે ૨૦૧૩માં હૈદરાબાદથી મુંબઈ રહેવા શીફટ થયા ત્યારે તેમને આ પ્રકારની મુશ્કેલીઓ નડી હતી. તેમને કામવાળી બાઈથી લઈને પ્લમ્બર અને ઈલેકટ્રીશીયનની સર્વિસ શોધવા માટે માર્ગદર્શન કરવાનો તેમના પડોશીઓ પાસે સમય જ નહોતો ત્યારે આ બેલડીને વિચાર આવ્યો કે આપણે કંઈક એવું બનાવીએ કે જેથી કોઈને ડીસ્ટર્બ કર્યા વગર જ આપણે જોઈતું માર્ગદર્શન મેળવી શકીએ જેમાંથી જન્મ થયો મોબાઈલ એપ 'હેલ્પમેટસ'નો. આ એપ ડેવલપ કરવા માટે તેમને અન્ય બે સોફટવેર એન્જિનીયર્સનો પણ સાથ મળ્યો અને ચાર જણાએ સાથે મળી આ એપ તૈયાર કરી છે. આ એપ દેશના પાંચ શહેરોમાં કાર્યરત છે. જે ટૂંક સમયમાં જ સમગ્ર ભારત માટે કાર્યરત થઈ જશે. આ એપમાં તમે જે વિસ્તારમાં હોવ ત્યાંની તમામ નાની મોટી માહિતી મેળવી શકશો તેમજ તે અંગે સ્થાનિક વપરાશકર્તાના અભિપ્રાય પણ મેળવી શકશો. અત્યારની આધુનિક જીવનશૈલીમાં જયાં કોઈને સમય નથી ત્યાં તમે તેમને ડીસ્ટર્બ કર્યા વગર જરૂરી જાણકારી પ્રાપ્ત કરી શકો છો. એટલું જ નહી પરંતુ ટેક્ષી શેરીંગ કરી પૈસા પણ બચાવી શકો છો. નેટવર્કીંગ સેવા દ્વારા લોકાલીટી સ્પેશ્યલ એપ હેલ્પમેટસ ઘણા બધા માટે ઉપયોગી નિવડશે.

સે-૨૮ના બગીચામાં સહેલાણીનો મોબાઈલ લુંટીને ગઠીયો ફરાર

ગાંધીનગર, તા.૧૬

અમદાવાદના પાલડી વિસ્તારથી એક પરીવાર ગાંધીનગર શહેરના સે-૨૮ના બગીચામાં ફરવા આવ્યું હતું ત્યારે સમી સાંજે પરિવારનો સદસ્ય એક કિશોર ફેમીલી ફોટો ખેંચી રહ્યો હતો તે દરમિયાન કિશોરના હાથમાંથી મોબાઈલ ઝુંટવીને લુંટ ચલાવી ગઠીયો ભીડ તરફ ભાગી ગયો હતો અને પળવારમાં જ રફ્ફુચક્કર થઈ ગયો હતો. મોબાઈલ માલિક યુવતીની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરીને ગુનાની તપાસ શરુ કરી છે.

પાલડી વિસ્તારમાં રહેતી યુવતી જીનલ ધર્મેન્દ્રભાઈ વ્યાસ તેણીના પરિવાર સાથે ગાંધીનગર ફરવા આવી હતી. પરીવારના સભ્યમાં કિશોર વયના બાળકો પણ હતાં. ગાંધીનગરનાં સે-૨૮ ગાર્ડનમાં પરીવાર પહોંચ્યું હતું. પરીવારનો કિશોરવયનો સભ્ય ફેમીલી ફોટો જીનલ વ્યાસના મોબાઈલથી ખેંચી રહ્યો હતો ત્યાં એક યુવાન શખ્સ કિશોરની નજીક આવ્યો અને હાથમાંથી રૂ. ૧૪૫૦૦ની કિંમતનો લીનોવો કંપનીનો મોબાઈલ લુંટી ભાગી ગયો હતો. મોબાઈલ લુંટ થતા થયેલી બુમાબુમને પગલે ટોળુ ભેગુ થઈ ગયું હતું. પરંતુ ગઠીયો રાઈડસ તરફ ભારે ભીડમાં ઘુસીને બહાર નીકળી ગયો હતો. જીનલની ફરીયાદને આધારે સે-૨૧ પોલીસ મથકનાં પીએસઆઈ સી.બી. ચૌહાણે ગુનો દાખલ કરીને વધુ તપાસ આરંભી છે.

દિવાળીમાં માદરે વતન જવાનો વધતો ક્રેઝ

વર્ષે દહાડે ચેઈન્જ માટે વતનમાં જવું તે પણ એક મોભો બન્યો, ગામડે ઘર હોવું જોઈએ તેવી માનસિકતા ડોકાઈ

ગાંધીનગર, તા.૧૬

સમયની સાથે સાથે લોકોના શોખ અને ટ્રેન્ડમાં પણ બદલાવ આવતો જાય છે. શહેરમાં અનેક સુખ-સુવિધા હોવા છતાં પણ ફકત એક ચેઈન્જ માટે પણ લોકો પોતાના માદરે વતન જવાનું રાખે છે જેમાં દિવાળીના તહેવારે તો ખાસ જતાં હોય છે. જેથી હાલ શહેરમાંથી માદરે વતન જવાનો ક્રેઝ પ્રતિવર્ષ વધતો જાય છે. ગામડે જવું તે પણ શહેરમાં મોભા સમાન બન્યુ છે અને તેથી જ વતનમાં પોતાના ઘરને સાચવી રાખવાનું સૌ કોઈએ વધુ હિતાવહ માન્યું છે. દિવાળી જેવા મોટા તહેવારે કુટંબ-કબીલા અને સમાજથી સંકળાયેલા રહી વતનમાં રહેવાનું લોકો ગૌરવ અનુભવે છે.

રાજયના મોટા શહેરો દિવાળીના તહેવારે લગભગ સુમસામ બની જતા હોય છે. શહેરમાં નોકરી-ધંધા અને વ્યવસાયમાંથી વર્ષે દહાડ દસેક દિવસની રજા મેળવી ચેઈન્જ ખાતર વતનમાં ઉપડી જવાનો એક ક્રેઝ શહેરીવાસીઓમાં ઉભો થયો છે. ભાગદોડ વાળી જીંદગી, બાળકોના અભ્યાસ પાછળ રચ્યા પચ્યા અને અનેક કામગીરીની વ્યસ્તતાથી કંટાળેલા શહેરીજનો પોતાના વતનમાં જઈ આ તમામ બાબતોથી વિમુખ થઈ હાશકારો અનુભવે છે. જેથી છેલ્લા બે થી ત્રણ વર્ષથી ગામડે એક ઘર હોવું જ જોઈએ તેવી એક માનસિકતા ઉભી થઈ છે અને જેને ગામડે ઘર છે તેઓએ તેને સાચવી રાખવાની મંછા બનાવી લીધી છે.

કુટુંબ અને સમાજ તરફથી મળતો પ્રેમ અને આત્મિયતાથી ભાવ વિભોર બનેલા લોકો હવે નાના મોટા પ્રસંગો પણ વતનમાં જ કરતાં થયા છે. ગામડામાં પોતાનાપણું સ્પષ્ટ વર્તાતુ હોય છે જેનો અહેસાસ વતનમાં તહેવારે જતા લોકો અનુભવી રહ્યા છે. શહેરમાં પોતાના વ્યવસાયમાંથી સહેજ પણ ફુરસદ ન મળી રહેતા ગામડે આવી મોકળાશ મેળવી હાશકારો અનુભવતા લોકો મોડે મોડે પણ ગામડાનું મહત્વ સમજયા હોવાનું સંજોગો આધિન લાગી રહ્યું છે. વતનમાં અને નોકરી ધંધો કરતા હોય ત્યાં એમ બે સ્થળે પોતાના મકાનો વસાવી લીધાના ઘણાય કિસ્સા તાજેતરમાં બહાર આવ્યા છે. કેટલાકે વતનમાં જુના ઘર ભુતકાળમાં વેચી નાખ્યા છે તેઓએ નવા ઘર પણ લઈ લીધા છે જેથી દિન પ્રતિદિન ગામડાં પ્રત્યેનો લગાવ લોકોમાં વધી રહ્યો છે. બાળકોના અભ્યાસ અને નોકરી ધંધાર્થે શહેર દોડી આવેલા લોકો હાલ ગામડાને જ પ્રાધાન્ય આપી રહ્યા છે જે કારણે હાલમાં ધંધાના સ્થળે લગાવેલા બોર્ડ ઉપર ખુણામાં વતન લખવાનો પણ ક્રેઝ વધી ગયો છે. આમ બાપ-દાદાએ વાવેલું અને ઉભુ કરેલું દીકરા સાચવતા થયા તે મોટો બદલાવ બન્યો છે.

વાતવાતમાં

● ગાયત્રી પરિવારની યુગ સાહિત્ય વિસ્તાર યોજના અંતર્ગત સે-૧૨માં બલરામ મંદિર પરિસરમાં ગુરુવારથી વિરાટ પુસ્તકમેળાનું આયોજન કરાયું છે. આ આયોજન અંતર્ગત બુધવારે બપોરે ૨ વાગે સે-૧ ગાયત્રી શકિતપીઠથી ભવ્ય શોભાયાત્રા પણ યોજાશે.

● સે-૧૬માં યુથ હોસ્ટેલ ખાતે એક ગુજરાતી ફિલ્મનું શુટિંગ ચાલી રહ્યું છે. નગરમાં હવે અનેક સ્થળો ફિલ્મ નિર્માતાઓને શુટિંગ યોગ્ય લાગી રહ્યાં છે જે આવકારદાયક બાબત છે.

● આગામી તા. ૨૦-૨૧ નવેમ્બરે ૧૦૦ યુવા સભ્યોનું એક ચાઈનીઝ ડેલિગેશન નગરની મુલાકાતે આવી રહ્યું છે જે મહાત્મા મંદિર ખાતે દાંડી કુટિરની મુલાકાત લેશે. ગાંધીનગર સહિત દેશભરની ગરબા ટીમો અમદાવાદ ખાતે ડેલિગેશન સમક્ષ રાસ ગરબાનો કાર્યક્રમ પણ પ્રસ્તુત કરશે.

● લાભપાંચમથી વેપાર ધંધાનું મુહુર્ત કરનારા વ્યવસાયિકોના કારણે નગરના બજારો ફરી ખુલવા પામ્યા છે. જો કે ઘણા વેપારી મિત્રો સાતમે મુહુર્ત કરતા હોવાથી હજુ પણ બજારોનો આંશિક પ્રારંભ જ થવા પામ્યો છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

ઘાસપૂળાનો જથ્થો ભરીને જતી ટ્રકમાં આગ લાગી

ગાંધીનગર, તા.૧૬

સમી સાંજે વાવોલ વિસ્તારમાંથી

ઘાસ-પૂળા ભરીને એક ટ્રક નં. જીજે ૧૨ એઝેડ ૧૫૪૦ વાવોલ થઈને સે-૪ તરફ જઈ રહી હતી તે દરમિયાન વાવોલ ગામના ઈન્દરા કોમ્પ્લેક્ષ સામે અચાનક ટ્રકમાં પડેલા પૂળા આગમાં સળગવા લાગ્યા હતા. સમયસુચકતા દાખવીને ટ્રક ચાલક ઉભો રહી ગયો હતો અને પૂળા સળગવાના શરૂ થયા ત્યાં જ ગ્રામજનો દોડી આવ્યા હતા અને કોમ્પ્લેક્ષમાંથી પાણી લઈ આગ પ્રસરતા રોકીને ટ્રકને બચાવી લીધી હતી.

ગાયત્રી પરિવારની શુભેચ્છાઓ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના ગાયત્રી પરીવાર તથા સે-૧ ગાયત્રી શકિતપીઠ દ્વારા વિક્રમ સંવત ૨૦૭૨ના પ્રારંભે સમગ્ર જિલ્લા તથા નગરના તમામ નાગરિકોને નૂતન વર્ષાભિનંદન પાઠવવામાં આવ્યા છે. અને સાથે સર્વેનું કલ્યાણ થાય, સર્વેનું શુભ મંગલ થાય તેમજ સર્વે નિરામયી બને તેવી શુભેચ્છા પણ પાઠવવામાં આવી છે.

૨૦૧૫માં રોજગાર અપાયેલ ઉમેદવારોની સંખ્યામાં ૧૭૪ ટકાનો વધારો

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતમાં રોજગારલક્ષી યોજના પરિણામ સ્વરૂપે નવી રોજગારીની તકોમાં નોંધપાત્ર વધારો થયો છે. તદઅનુસાર એપ્રિલથી જૂન ૨૦૧૪માં નવી નોંધણી ૬૧૦૧૧ની સામે ૩૨૮૬૪ને એટલે કે ૫૩ ટકાને રોજગારી પુરી પાડવામાં આવી હતી. જયારે એપ્રિલથી જૂન ૨૦૧૫માં નવી નોંધણી ૧,૧૩,૯૧૪ની સામે ૮૯,૫૮૯ને એટલે કે ૭૮.૬ ટકાને રોજગારી પુરી પાડવામાં આવી છે. આમ ગત વર્ષ કરતા આ વર્ષે ૧૭૪ ટકા વધુ વ્યકિતઓને રોજગારી પુરી પાડવામાં આવી છે. રોજગાર કચેરીઓમાં એપ્રિલથી જૂન ૨૦૧૪ દરમિયાન સૂચિત નવી જગ્યાઓની સંખ્યા ૪૩,૨૬૫ની સામે આ એપ્રિલથી જૂન ૨૦૧૫ દરમિયાન ૯૦,૫૨૧ની એટલે કે ૧૦૯ ટકાનો વધારો દર્શાવે છે તેમ રોજગાર અને તાલીમ નિયામકની કચેરી તરફથી જણાવવામાં આવેલ છે.

ચિરવિદાય

- સ્વ. ફુલાજી શંકાજી ઠાકોર (ઉ.વ.૬૫)
- સ્વ. નાયી મંજુલાબેન ગણપતભાઈ (ઉ.વ.૬૫)
- સ્વ. કિરણબા સુધિરસિંહ દરબાર (ઉ.વ.૧૯)
- સ્વ. વિક્રમસિંહસ કાળુસિંહ બિહોલા (ઉ.વ.૫૭)